એ.ટી.એમ મશીનમાંથી રૂપિયા ચોરી કરનાર આરોપીને શોધી કાઢતી સુરત શહેર લાલગેટ પોલીસ.

લાલગેટ પો.સ્ટે. ગુ.ર.નં. એ/૧૧૨૧૦૦૬૧૨૧૧૦૦૮/૨૦૨૧ તા.૨૭/૦૮/૨૦૨૧ ઇ.પી.કો.કલમ-૩૮૦,૪૦૬,૪૦૯,૪૬૧ મુજબ તથા આઇ.ટી.એક્ટ કલમ-૬૬(સી),(ડી),મુજબના ગુનાના કામે યુકો બેંકના એ.ટી.એમ મશીન રુમના સી.સી.ટી.વી.ફુટેજમા દેખાતા અજાણ્યા ઈસમે તેમજ એ.ટી.એમ.કેસેટ બોક્ષ (કેશ ટ્રે)નો ઇ-લોક પાસવર્ડ ખોલી ચેન્જ કરી રૂ-૧,૮૬,૫૦૦/- કાઢી લઇ ચોરી કરી નાશી ગયેલ હોય જેઓને પકડવા લાલગેટ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓએ અલગ અલગ ટીમો બનાવી બનાવની જગ્યાના આજુબાજુની દુકાનો, ઓફિસો તથા જાહેર માર્ગો ઉપર લાગેલ સી.સી.ટી.વી. ફુટેજ આધારે શંકાસ્પદ મો.સા. ચાલકના ફુટેજ બેંકના મેનેજર કર્મચારીઓને બતાવતા સદર બેંકમા એ.ટી.એમ. રીપેરીંગ માટે આવતા અને હાલમા નોકરી છોડી બીજી કંપનીમા નોકરી લાગી ગયેલ પ્રવિણ પાંડે હોવાનો શક હોય જે કર્મચારીના મોબાઈલ નંબરની માહીતી આધારે સર્વેલન્સ સ્ટાફના અ.હે.કો. રાહુલભાઈ અનંતરાવ તથા અ.પો.કો. હર્ષદભાઈ ગણપતભાઈ તથા અ.પો.કો. હિંમતસિંહ દિનેશસિંહ નાઓએ તેના વર્ણન આધારે બાતમી હકીકત મેળવી સદર ઇસમને પકડી લાવી પુછપરછ કરતા તેઓ પોતાનુ નામ-પ્રવિણકુમાર રાજેન્દ્રપ્રસાદ પાંડે ઉ.વ-૨૮ ધંધો-નોકરી રહે-ઘર નં-૧૮, જીવનદીપ નગર, બમરોલી રોડ પાંડેસરા, સુરત મુળ રહે-ગામ-જાઉવા પોસ્ટ-જાઉવા થાના-ઓરાહી જી-બઘોઇ યુ.પી.નો હોવાનુ જણાવતા હોય જેઓને સદર ગુનાના કામે જીણવટભરી રીતે પુછપરછ કરતા આરોપી અગાઉ એ.ટી.એમ રીપેર કરવા આવતા હોય ચોરીથી પાસવર્ડ જોઈ લઈ પાસવર્ડ વડે ચોરી કરેલ કરેલ હોવાની કબુલાત કરતો હોય તેમજ સદર ચોરીના રુપીયા-૧,૮૬,૫૦૦/- તથા ગુન્હામા વપરાયેલ મો.સા.તથા મોબાઇલ ફોન રજુ કરતા ગુનાના કામે કબ્જે કરી ગુન્હો ડીટેક્ટ કરી ટીમવર્કથી પ્રશંસનિય કામગીરી કરેલ છે.